# ઉમાછત્ર



# વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

પરિવારને આપો આર્થિક સુરક્ષા



₹ 10 લાખ

નજીકના સ્વજનનો ખાલીપો...
જ્યારે વસમો લાગે છે...
ત્યારે વહારે આવશે...

**ઉમાછત્ર**

પાટીદારોમાં ૧૫૦ ઘર દીઠ દર વર્ષે એકથી બે મૃત્યુ યુવાવયે થાય છે ત્યારે ઉમાછત્રનું **સૌથી ઓછું ભરણું** અને **સૌથી મોટું** મા ઉમિયાનાં આશીર્વાદનું કવચ છે.

આવો... જગત જનની મા ઉમાના સામાજિક સંગઠનના બાગને **અધ્યાત્મિક ચેતના, શ્રદ્ધા** અને **સમર્પણના** ભાવથી સિંચન કરીએ....

## ઉમાછત્રની છાયા આપીએ...



©IMAGE: 9825597379

**જગત જનની મા ઉમાનો છે' આદેશ ઉમાછત્રમાં અચૂક જોડાવ...**

**મા આવ્યાં આંગણે, બાંધવા સુરક્ષાને તાંતણે..**

સ્નેહીજનો, ઉગવું કે આથમવું સૃષ્ટિનો ક્રમ છે એમ જન્મ કે મરણ કુદરતી ક્રમ છે. પણ કૌટુંબિક દાયિત્વ નિભાવનાર યુવાવયે આથમી જાય તો કુંટુંબની સ્થિતિ કથળે છે. વ્યક્તિની ખોટ પૂરી શકાતી નથી પણ અન્ય યોજનાઓથી ઉમાછત્રનું તદ્દન નજીવું ભરણું સૌથી વધુ સહાય એ મા ઉમાનાં આશીર્વાદનું છત્ર છે. આ યોજના સંસ્થા માટે નહિ સર્વેના લાભાર્થે છે. **માટે પાટીદારોને જોડી એક એક ઘરને સુરક્ષિત કરવા 'ઉમાછત્ર કવચ' અપાવી આંગળી ચિંધ્યાનું પુણ્ય મેળવો.**

**for any Query please Contact: 75 75 00 33 16**

## : ઉમાછત્ર કમિટી :

| ચેરમેનશ્રી | પ્રભારીશ્રી | કો.ચેરમેનશ્રી |
|---|---|---|
| જશુભાઇ પટેલ | જયંતીભાઇ પટેલ | જાગૃતિબેન પટેલ |
| 93280 71901 | 93270 81565 | 99792 60719 |

**Office :- Vishv Umiyadham,** S. G. Road Vaishnodevi Circle to Jaspur Road, Ahmedabad - 382 721. Mo. 72020 80222 / 333,
Web :- vishvumiyadham.org, Email :- info@vishvumiyadham.org

**જય ઉમિયા !** વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ એવા જગતજનની મા ઉમિયાના રમ્ય - ભવ્ય - દિવ્ય અને દેદિપ્યમાન મંદિરનુ નિર્માણ તેમજ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક તેમજ અન્ય તમામ સંસ્થાઓની શક્તિઓના સરવાળા થકી સંગઠીત, શિક્ષિત અને સંવેદનશીલ સમાજ નિર્માણ સાથે સમાજના જરૂરિયાતમંદ પરિવારોને તમામ ક્ષેત્રે મદદરૂપ થવાના અભિયાન અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન કાર્યરત છે.

સમાજના કોઈપણ પરિવારમાં યુવાવયના નિધનથી ઘર પર આભ તુટી પડે છે. એવાં કુંટુંબોને હૂંફ સાથે પગભર કરવા **સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર.પી.પટેલ**ના માર્ગદર્શન હેઠળ બેનેવોલેટફંડ જોગવાઈ અનુસાર પરસ્પર સહાય પૂરી પાડવાનો અભિગમ છે. કારણ કે યુવાવયે મૃત્યુ એ કુંટુંબનું આર્થિક મૃત્યુ છે. માટે જુના જમાનામાં મદદ હેતુ 'સાદડી' રખાતી. હવે સ્થિતિ જુદી છે રિવાજો બદલાયા છે સાદડી' રૂપે સૌથી ઓછું ભરણું, સૌથી વધુ લાભનો સધિયારો એટલે મા ઉમિયાના આશીર્વાદનું 'ઉમાછત્ર કવચ'. **માત્ર ₹ ૩૧૦૦૦/- અથવા વાર્ષિક ₹ ૨૦૦૦/- આસપાસ આપનો સહયોગ બનશે - રૂા. ૧૦ લાખની માતબર સહાય..**

### -: વિકલ્પ અવિચલ :-

**૧૮ થી ૫૨ વયે એક સાથે એક જ વખત ૫૫ વય સુધીના ₹ ૩૧૦૦૦**

**અથવા**

### -: વિકલ્પ અવિરત :-

**૧૮ થી ૫૨ વયે પ્રારંભિક ₹ ૪૦૦૦ અને દર વર્ષે ૫૫ વય સુધી ₹ ૨૨૦૦ આસપાસ**

૧. ઉમાછત્ર સભ્ય થવા umachhatra.vishavumiyafoundation.org અથવા વિશ્વ ઉમિયાધામની વેબમાં Umachhatra લીંકથી ઓનલાઈન અરજી અને પસંદ કરેલ વિકલ્પની રકમ ભરી ડિઝિટલ પહોંચ અને ૩૦ દિન બાદ સૌજન્યપત્ર/સર્ટી મેળવી શકશો.

૨. રોકડા કે ચેક વડે ઉમાછત્ર સભ્ય થવા ઈચ્છો તો નજીકની બેંક ઓફ બરોડા શાખામાં જઈને સ્લીપ મેળવી, નામનું કોલમમાં 'વિશ્વ ઉમિયા સુરક્ષા કવચ' તથા ખાતા નંબરમાં **UCZ** પછી **સભ્ય થનારનો મોબાઈલ** નંબર લખી પસંદ કરેલ વિકલ્પ રકમ ભરવાની રહેશે. કોઈ પણ સાથે રોકડ વ્યવહાર કરવો નહીં, સંસ્થાની ઓફિસે કેશ કે ચેક જમા કરાવી રસીદ મેળવી લેવાની રહેશે.

૩. વિના મેડિકલ, માત્ર આધાર-પાન કાર્ડ આપવાનું રહેશે. અવિચલ વિકલ્પમાં પ્રારંભિક રકમ બાદ કરી બાકીના ભરીને કોઈ પણ વર્ષે તબદીલ થઈ શકાશે, પરંતુ દર વર્ષે ભરેલ રકમ બાદ મળશે નહીં.

૪. ₹ ૩૧૦૦૦ અવિચલ વિકલ્પમાં એક વર્ષ અને ₹ ૪૦૦૦ અવિરત વિકલ્પમાં બે વર્ષ બાદ અકસ્માત કે કોઈ પણ કારણે (આપઘાત કે હત્યા સિવાય) ઉમાછત્ર સભ્યનું નિધન થશે તો દિન ૩૦માં ઠરાવોને આધીન સભ્યના કુંટુંબને ₹ ૧૦ લાખની સહાય આપવામાં આવશે. જે અંગે સંસ્થાને જાણ કરવાની રહેશે.

૫. ₹ ૩૧૦૦૦ ભરેલ હોય તે સિવાયના સભ્યએ **NACH/DIRECT DEBIT** ફોર્મમાં **બંને બાજુ** સહી અને કેંસલ **ચેકમાં સહી** કરી **ઓફિસે** મોકલવો અથવા ફોટો પાડી ઓનલાઈન **અપલોડ** કરવો. જે દર વર્ષે વરાડે આવતા ₹ ૨૦૦૦ ફાળાનું ૧૫ એપ્રિલ પહેલાં મળેલ માંગપત્ર રકમ મુજબનું મે મહિનાની ૩૦ પહેલાં બેલેન્સ રાખવાનું રહેશે.

૬. **વાર્ષિક ₹ ૨૨૦૦ થી વધુ ભરણું આવે તેવા સંજોગોમાં શરૂઆતના ૫૦૦૦ સભ્યોના ભરણાંની પૂર્તતા સંસ્થા કરશે.**

૭. કોઇ પણ સંસ્થા, કંપની, પેઢી કે વ્યક્તિ નિયત ફાળો જમા કરાવી સંસ્થાના નિયમો અંતર્ગત કોઈ પણ પાટીદાર સભ્યને ઉમાછત્રમાં જોડી શકશે અને નિયત ઠરાવો પ્રમાણે ઉમાછત્ર સહાય મળવાપાત્ર રહેશે.